આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૫/૦૫/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ સપ્તાહમાં સ્ત્રીઓએ પોતાના આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડશે. પૂરતો આરામ કરવો. નોકરીમાં તમામ કામની કદર ઓછી થાય. આર્થિક વ્યવહારમાં ભૂલ ભારે પડી શકે. સામાજિક કામમાં યશ મળે. સંબંધીઓનો સાથ પારિવારિક પ્રશ્નોમાં મળે. દાંપત્યજીવનમાં ઉગ્રતા અને તાલમેળનો અભાવ રહે. ટેકનોલોજી અને બેંકનાં કામ સાથે જોડાયેલ સાવધાન. ભગવાન વિષ્ણુ મંદિરે દીવો કરવો.

વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહ પ્રેમસંબંધોમાં રોમેન્ટીક મુડ અને મુલાકાતવાળું રહેશે. બૌદ્ધિક કાર્યોમાં સફળતા મળે. નવા સર્જનાત્મક વિચાર. નવી દિશા ખૂલશે. આર્થિક પ્રગતિના રસ્તા મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. માતાના આરોગ્ય બાબતે ચિંતા રહે. નોકરીમાં મળેલી જવાબદારી નિભાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે. જીવનસાથીનો સાથ મળે. આ વીકમાં ગુરુવારે ચણાની બનાવેલી વાનગી ખાવી.

મિથુન (ક,છ,ઘ):- ચાલુ વીક મિત્રો-સંતાન-જીવનસાથી સાથે સમય પસાર થાય. મનોરંજન થાય. વેપાર-ધંધા માટે નવા સંબંધો વિકાસ પામે. પરિવારમાં ખુશીનો માહોલ રહે. પ્રેમવિવાહની શક્યતા રહે. પરીક્ષામાં સફળતા મળે. કલા શિક્ષણ પ્રવાસ સાથે સંકળાયેલને તક મળે. આરોગ્ય નરમ રહે અને વિજાતિય આવેગ સગાવે. ચોખાની વાનગી ખાવી કે દાન કરવું આ વીકમાં.

કર્ક (ડ,હ):- સપ્તાહ આર્થિક બાબતે પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. વિદ્યાર્થીઓને ઉત્તમ તક મળે. પોતાને ગમતી પ્રવૃત્તિમાં સર્જનાત્મક દેખાવ કરવાની તક મળે. વિદ્યાર્થીઓને ઉત્તમ તક મળશે. પ્રવાસ દલાલીના કામમાં આવક વધશે. નવા ઘર વાહનની યોજના બને. પ્રેમમાં વિશ્વાસ વધશે. હરીફાઈ કે ઈન્ટરવ્યુમાં તક મળે. વીક દરમિયાન ભગવાન વિષ્ણુને પીળી મિઠાઈ ધરવી.

સિંહ (મ,ટ):- સપ્તાહ ઉત્સાહજનક રહેશે. સમાજમાં યશ મળે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. નોકરિયાતને કાર્યક્ષમતાનો લાભ અને પ્રશંસા મળે. પ્રેમવિવાહની ઓફર આવે. પરીક્ષામાં સફળતા મળે. પારિવારિક ધંધામાં આવક વધે. બચતથી નવાં રોકાણ થાય. નવાં ઘર, વાહન બાબતે અનુકૂળતા વધશે. ઘરમાં અવરજવર વધે. વીક દરમિયાન તુલસી ક્યારે ઘીનો દીવો કરવો.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં બુદ્ધિ-કુશળતા અને સોશ્યલ મીડિયાના માધ્યમથી નોકરી-ધંધાનો વિસ્તાર કરવાની તક મળશે. બૌદ્ધિક કાર્યોમાં સફળતા મળે. મનગમતા ભોજનનો આનંદ લેવાની તક મળે. આર્થિક પ્રગતિથી નવાં રોકાણ થાય. શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થાય. નવું શીખવા મળે. ટેકનોલોજી ક્ષેત્રે કદર થાય. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. રોજ 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્ર કરવો.

તુલા (ર,ત):- સપ્તાહ દરમિયાન સંબંધીઓ જોડે વિવાદ થઈ શકે છે. મિત્રો વગેરે સાથે વ્યવહાર અને મજાકમાં સંયમ રાખવો. સ્વભાવ ચિડીયો રહે. આરોગ્ય નરમ રહે. પ્રવાસમાં વિઘ્ન આવે. વિદેશમાં કામ થાય. કામના સ્થળે નવા પરિવર્તનથી અનુકૂળતા વધશે. આવક વધારવાની તક મળે. વિદ્યાર્થીઓને સમસ્યાને સમાધાન મળે. ખાવા-પીવા પર કાબૂ રાખવો. હનુમાનજીને મીઠા પાનનો પ્રસાદ ધરવો.

વૃશ્ચિક (ન,ય): ચાલુ વીકમાં સામાજિક કામ થાય. પારિવારિક જીવનમાં તાલમેળ રાખવો. નોકરીમાં જવાબદારી વધશે. પ્રેમમાં ધીરજથી કામ લેવું. ગેરસમજ પેદા થાય. મિત્રો સાથે વ્યવસાય કે સંતાનોના કામની ચર્ચા હકારાત્મક રહેશે. સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. સોશ્યલ મીડિયા સાથે સંકળાયેલાને અચાનક સફળતા મળે. માર્કેટીંગમાં સફળતા મળે. ભગવાન સૂર્યની રોજ પૂજા કરતાં રહેવું.



ધન (ભ,ધ,ફ,ઢ):- સપ્તાહ અટકેલાં કામના અવરોધ દૂર કરનાર રહેશે. સંતાનોના કેરીયરની ચિંતા સતાવે. ઉપરી વર્ગનો સાથ મળે. આવક વધે. સમાજજીવનમાં સાવધાની રાખવી. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. પ્રેમમાં સાથ મળે. સ્વાર્થી મિત્રોથી સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને નવી તક મળે. શેરબજારનાં કામ થાય. કોઈની વાતોમાં આવવું નહીં. પીપળાના વૃક્ષની ઘીના દીવાથી પૂજા કરવી.

મકર (ખ,જ):- સપ્તાહની શરૂઆત અશાંતિ અને કામના બોજથી થાય. તમારી જીવનશૈલીમાં બદલાવ આવે. સંતાનો અને જીવનસાથીના કામમાં મદદરૂપ બનશો. આવક વધારવાની તક મળે. વિદેશથી શુભ સમાચાર મળે. પરિવારમાં મહત્ત્વનાં કામ પાર પડે. નવી નોકરીની તક મળે. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. સમાજજીવનમાં યશ મળે. વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ રોજ કરવો.



કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ દરમિયાન હકારાત્મક લોકોને મળવાનું થાય. ઉંમરલાયકના વિવાહની વાતમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની ઓફર મળી શકે છે. આરોગ્ય નરમ રહે. કામનો બોજ ડીપ્રેશન વધારશે. નોકરીમાં લાલચથી દૂર રહેવું. ધાર્મિક કામમાં રસ અને સેવાનો મોકો મળશે. કેરિયરમાં પ્રગતિ થાય. આર્થિક રોકાણની તક મળે. વેપારમાં નવા સોદા પાર પડશે. સમાજમાં યશ મળે. દાન અનુકૂળતા પ્રમાણે કરવું.



મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વીકમાં ઉધાર લેવાનું ટાળવું. તેમજ બેંકની લોનના કામમાં પ્રગતિ થશે. નોકરીમાં સમસ્યા સતાવે. ઘરમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. સરકારી કામમાં મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વીમાનાં કામ થાય. આરોગ્ય નરમ રહે. અચાનક સફળતા મળે. શુભ સમાચાર વિદેશ બાબતે મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નારાયણ કવચનો પાઠ કરતા રહેવું.

વૈભવ સૂર્યવંશી

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે નાની ઉંમરમાં સફળતાના ગ્રહો કુંડલીમાં જો સૂર્ય બુધ અને ગુરુ બળવાન અને શુભ સ્થિતિમાં હોય તો જાતક લગભગ સોળ વર્ષની અંદર પોતાની ક્ષમતા બતાવવાનું ચાલુ કરી દે છે. મોટા ભાગે બળવાન ગુરુવાળાં જાતકો નાની ઉંમરથી જ જવાબદારી નિભાવવાનું ચાલુ કરતાં ધ્યાનમાં આવ્યા છે.

વૈભવ સૂર્યવંશીની પ્રાપ્ત કુંડલી પ્રમાણે જ્યોતિષશાસ્ત્રનો આ નિયમ સાબિત થાય છે. તેની મિથુન લગ્નની કુંડલી પ્રવજ્યા યોગવાળી છે. લગ્નેશ બુધ જે એકાગ્રતા, રમતગમત, કૌશલ અને બુદ્ધિનો કારક છે. તે કર્મસ્થાનમાં સૂર્ય-ગુરુ મંગળ હર્ષલ સાથે અને શનિની દૃષ્ટિમાં છે. મોટા ભાગે રમત ક્ષેત્રમાં સફળતા આપનાર બુધ ધ્યાનમાં આવ્યો છે. કારણકે તે કિશોર અવસ્થા અને ખેલ કૂદનો કારક છે.

કોઈ પણ ક્ષેત્રમાં સફળ થતાં અથવા પોતાની ક્ષમતા સાબિત કરવા આત્મવિશ્વાસ જરૂરી છે. આત્માનો કારક સૂર્ય આત્મવિશ્વાસ સત્તા, નિડરતા, લીડરતા આપનાર છે. **સૂર્યવંશીની કુંડલીમાં પરાક્રમ-સાહસ-નિડરતા ત્રીજા સ્થાનથી મળે છે.** તેનો સ્વામી સૂર્ય-કર્મ એટલે કે કાર્ય સ્થાન, સૂર્યવંશી માટે રમતનું મેદાન એવા દસમા સ્થાનમાં છઠ્ઠાના માલિક અને લગ્નેશ તથા કર્મેશ ગુરુ સાથે હોવાથી તે મેદાનમાં નિડરતાપૂર્વક પોતાની આગવી અદાથી કર્યા વગર ફટકા મારે છે તેને કોઈ ડર સતાવતો નથી. તેની બોડી લેંગ્વેજ પર ભય નજર આવતો નથી. સૂર્યવંશીનો ગુરુ જે યશ, સફળતા, વૈભવ, સમૃદ્ધિ અને લોકપ્રિયતા માટે જવાબદાર છે. તેનો ગુરુ પંચ મહાપુરુષ યોગમાં હંસનામનો યોગ કરે છે. કેન્દ્રમાં કેન્દ્રનો માલિક બનીને ઉપરાંત ચંદ્ર સાથે કેન્દ્રથી ગજકેસરી યોગ પણ કરે છે. ગુરુથી બનતો આ યોગ અપાર ઐશ્વર્ય, સફળતા, નેતૃત્વ અને અમર કીર્તિ આપે છે. ગજકેસરી યોગવાળાં જાતકોમાં અપાર ધૈર્ય, ગમ તેવી વિકટ પરિસ્થિતિમાં હાથીની જેમ અડગ રહેવું અને આંતરિક માનસિક શક્તિ આપનાર છે. મોટા ભાગે નાની ઉંમરમાં સફળતા ગુરુના આ યોગો હંસ અને ગજકેસરી આપે છે. સાથે જ્ઞાન, અપાર ધન, સમાજમાં ઉચ્ચ સ્થાન અને પ્રસિદ્ધિ આપનાર છે.

કોઈ પણ જાતકની કુંડલીમાં ગુરુથી બનતા કોઈ પણ શુભ યોગ જાતકને પોતાના સમાજ, પરિવાર, દેશ-કાળની સ્થિતિ પ્રમાણે બીજા કરતાં ખાસ વિશેષતા હશે જ. ગરીબ કે સામાજિક પછાત અથવા પ્રતિકૂળ વાતાવરણમાં જન્મ્યો હશે તો પણ તે વાતાવરણ પ્રમાણે તેનામાં ખાસ ક્ષમતા જોવા મળતી હોય છે.

સાહસ, ઊર્જા, પરાક્રમ અને સેનાપતિનો કારક મંગળ અંશાત્મક રીતે નિર્બળ છે. માટે ઘણી વખત ઉતાવળ કરી બેસે છે. મંગળ માનસિક પ્રેશરનો કારક છે. મંગળ વિજયનો કે જીતનો કારક છે. જે વિપરીત પરિસ્થિતિમાં જુસ્સો આપનાર છે પણ અશાંત્મક રીતે નિર્બળ બને છે તે પ્રવજ્યા યોગમાં અકારક બને છે. તેની ગુરુ-સૂર્ય-બુધ સાથે સ્થિતિ સારી છે પણ તેનું બળ ઓછું હોવાથી **સૂર્યવંશીને મંગળની શક્તિ પૂરતા પ્રમાણમાં મળતી નથી. તેની અસર તેના જીવનમાં ઉંમર વર્ષ 25 થી 32 દરમિયાન જોવા મળશે.** આ સમય કેરીયરમાં ચડતીપડતીવાળો રહેશે. હરીફો તથા સાથીઓનું વર્તન તેની સાથે વિપરીત રહેશે.

કોઈ પણ માણસ નસીબના સાથ વગર સફળ થઈ શકતો નથી.નસીબના સાથનો આધાર કુંડલીમાં લગ્ન, લગ્નેશ અને આત્મકારક ગ્રહ પર હોય છે. ઘણાં લોકો હંમેશા પોતાના ભાગ્યને કોસતા હોય છે તેમજ પોતાની ક્ષમતા પ્રમાણેની કોશિશ છતાં ભાગ્યનો સાથ મળતો નથી. તેમની મહેનત, લાયકાત, બુદ્ધિક્ષમતા, શિક્ષણ, સમાજમાં સ્થાન પરિવારની હેસિયત વગેરે બધું જ તેમની ફેવરમાં હોવા છતાં નિષ્ફળ રહેતા હોવાનું કારણ આત્મકારક ગ્રહ, લગ્ન અને લગ્નેશ છે. આ સિદ્ધાંતની સૂર્યવંશીની કુંડલીમાં સાબિતી મળે છે.

સૂર્યવંશીનો લગ્નેશ બુધ વર્ગોત્તમ બને છે. જે જ્યોતિષમાં શુભ માનવામાં આવે છે. બુધ પોતાના જ નક્ષત્રમાં કેન્દ્રમાં રાજયોગ કરે છે. પ્રવજ્યા યોગનો મુખ્ય કારક બને છે અને સૌથી મહત્ત્વનું એ કે તે આત્મકારક બને છે અને કારકાંશ કુંડલીમાં મુખ્ય ગ્રહ આત્મકારક ગ્રહ જાતકની આંતરિક શક્તિ, જીવનનો મુખ્ય ઉદ્દેશ અને કેવા પ્રકારના સુખ સગવડ ભોગવવા જન્મ્યો છે તેનું નિર્દેશન કરતો આત્મા માનવામાં આવે છે. સૂર્યવંશીનો જન્મ પંચમેશ શુક્ર જે ભાગ્યમાં શુભ બને છે તેની મહાદશામાં થયો છે. શુક્ર લગ્નેશનો પરમ મિત્ર છે અને ભાગ્યેશ શનિ પણ લગ્નેશનો મિત્ર છે. તે સુખસ્થાનમાં રહીને સૂર્ય, મંગળ, બુધ-ગુરુ, હર્ષલ પર દસમે દૃષ્ટિ કરે છે અને લગ્નમાં રહેલા કેતુ પર પણ દૃષ્ટિ કરે છે. ઉપરાંત છઠ્ઠે પણ દૃષ્ટિ કરે છે માટે હરીફો પર ભારે પડે છે.

નાની ઉંમરના નસીબના સાથના યોગ બળવાન હોવાથી સૂર્યવંશી સુપ્રસિદ્ધ થયો તે પણ ક્રિકેટમાં કારણ તેનો આત્મા બુધનો છે. બુધ રમતનો રાજા છે. હાલમાં 2025 થી 2035 સુધીની મહાદશા ચંદ્રની છે. ચંદ્ર કેન્દ્રમાં મારક થઈને મારક સ્થાનમાં રાહુ સાથે પણ ચંદ્રને મારક દોષ ઓછો લાગે છે. માટે આ સમયમાં સંઘર્ષ રહેશે પણ તક મળશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ઈરાન હોર્મુઝ...

હતી, જેના કારણે તેહરાને આ મહત્વપૂર્ણ જળમાર્ગને અસરકારક રીતે બંધ કરી દીધો હતો. આના લીધે તેલ, ગેસ અને અન્ય સંબંધિત ઉત્પાદનોના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો, જેણે વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી દીધું છે. નિષ્ણાતોનું કહેવું છે કે શિપિંગ અને કિંમતોને યુદ્ધ પૂર્વેના સ્તરે પુનઃપ્રાપ્ત થવામાં કેટલાક અઠવાડિયા અથવા મહિનાઓ પણ લાગી શકે છે. અમેરિકાએ એક મહિના કરતાં વધુ સમયથી ઈરાની બંદરોની નાકાબંધી કરી રાખી છે, અને ટ્રમ્પે રવિવારે સ્પષ્ટ કર્યું કે આ નાકાબંધી ત્યાં સુધી સંપૂર્ણ રીતે અમલમાં રહેશે જ્યાં સુધી કોઈ કરાર ન થાય, પ્રમાણિત ન થાય અને તેના પર હસ્તાક્ષર ન થઈ જાય. મુખ્ય મધ્યસ્થી રહેલા પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીર ઈરાની અધિકારીઓ સાથે વધુ વાતચીત કર્યા બાદ શનિવારે મોડી રાત્રે તેહરાનથી રવાના થયા હતા.

ઈરાનના સંતૃપ્ત...

આ જથ્થો લેવાની ઓફર કરી છે. ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) ના જણાવ્યા અનુસાર, ઈરાન પાસે ૪૪૦.૯ કિલોગ્રામ (૯૭૨ પાઉન્ડ) યુરેનિયમ છે જે ૬૦ ટકા શુદ્ધતા સુધી સંવર્ધિત છે, જે ૯૦ ટકાના હથિયાર-ગ્રેડ સ્તરથી માત્ર એક ટૂંકું અને તકનીકી પગલું દૂર છે.

કરારમાં ઈરાન...

ટીવી પર જણાવ્યું હતું કે તેઓ વિશ્વને ખાતરી આપવા તૈયાર છે કે અમે પરમાણુ હથિયારની પાછળ નથી. ભારતમાં ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે પરમાણુ ટેકનોલોજી પર તેહરાનનો અવિભાજ્ય અધિકાર છે. ઈરાને હંમેશા જણાવ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, જ્યારે તે યુરેનિયમને હથિયાર-ગ્રેડની નજીકના સ્તર સુધી સંવર્ધિત કરી રહ્યું છે. આ સંભવિત કરાર હેઠળ, તેહરાન તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમનો જથ્થો છોડી દેવા સંમત થશે, તેમ બે પ્રાદેશિક અધિકારીઓએ નામ ન આપવાની શરતે આ સંવેદનશીલ વાટાઘાટો અંગે જણાવ્યું હતું.

સામુદ્રધુની ફરી...

રાહત અને ઈરાનના ફ્રીઝ કરાયેલા ભંડોળને મુક્ત કરવા અંગે ૬૦ દિવસની સમયસીમા દરમિયાન વાટાઘાટો કરવામાં આવશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

બલુચિસ્તાનમાં ટ્રેનમાં...

નાગરિકો પણ સવાર હતા અને વિસ્ફોટ ટ્રેનના એન્જિન તથા ત્રણ કોચમાં થયો હતો. આ વિસ્ફોટનો અવાજ અને આંચકો એટલો જોરદાર હતો કે આસપાસના વિસ્તારમાં વાહનોના કાચ અને નજીકની ઈમારતોની બારીઓના કાચ તૂટી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, ટ્રેનમાં મોટી સંખ્યામાં એવા મુસાફરો હતા જેઓ આગામી ઈદના તહેવાર માટે પોતાના વતન જવા માટે કનેક્ટિંગ ટ્રેન પકડવાની રાહ જોઈ રહ્યા હતા. વડાપ્રધાન શહબાઝ શરીફે આ ઘટનાની નિંદા કરતા કહ્યું કે, આતંકવાદના આવા કાયરતાપૂર્ણ કૃત્યો પાકિસ્તાનના લોકોના સંકલ્પને નબળો પાડી શકતા નથી.

દેશમાં સખત ગરમી...

અન્ય કેટલાક સ્થળોએ પણ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું હતું. રાજસ્થાનમાં તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૪૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે શ્રી ગંગાનગર રાજસ્થાનનું સૌથી ગરમ સ્થળ હતું. વનસ્થલી ૪૫.૧ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું બીજા નંબરનું સૌથી ગરમ સ્થળ રહ્યું હતું. જયપુર સ્થિત હવામાન કેન્દ્રીય જયપુરે હીટવેવનું એલર્ટ જાહેર કરીને ચેતવણી આપી છે કે આગામી ત્રણથી ચાર દિવસ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહેવાની સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં, પાટનગર લખનૌ શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ (સામાન્ય કરતાં ૨.૪ ડિગ્રી વધુ) અને લઘુત્તમ તાપમાન ૨૮.૭ ડિગ્રી સેલ્સિયસ (સામાન્ય કરતાં ૩.૨ ડિગ્રી વધુ) નોંધાયું હતું. બાંદા ૪૬.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ રહ્યું હતું, જે સામાન્ય કરતાં ૩.૩ ડિગ્રી વધુ હતું. હવામાન વિભાગે જણાવ્યું કે હરિયાણા અને પંજાબમાં પણ કાળઝાળ ગરમીની સ્થિતિ યથાવત છે, જેમાં સિરસા ૪૬ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ રહ્યું હતું. ચંદીગઢમાં પણ ૪૦.૯ ડિગ્રી સેલ્સિયસ સાથે ગરમ હવામાન રહ્યું હતું. બીજી તરફ, આંધ્રપ્રદેશમાં જુદુ જુદુ હવામાન જોવા મળી રહ્યું છે, જ્યાં કેટલાક જિલ્લાઓ અતિશય ગરમીનો સામનો કરી રહ્યા છે, જ્યારે છૂટાછવાયા વિસ્તારોમાં આગામી દિવસોમાં વરસાદ અને ગાજવીજ સાથે વાવાઝોડું આવવાની સંભાવના છે.

પહેલગામના હુમલાખોરો...

જમ્મુ-કાશ્મીરમાં સક્રિય આતંકવાદી સંગઠનોને મદદ પૂરી પાડતા બાહ્ય લોજિસ્ટિક્સ નેટવર્કની તપાસમાં એક મહત્વપૂર્ણ નવી દિશા ખોલી છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી જૂથો પ્રચાર અને મનોવૈજ્ઞાનિક યુદ્ધ માટે તેમના હુમલાઓનું રેકોર્ડિંગ કરવા માટે કેમેરાનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરી રહ્યા છે.

આ ઉપકરણ ક્યાંથી આવ્યું તે શોધવાના પ્રયાસમાં, એનઆઈએ એ સત્તાવાર રીતે અમેરિકાની ઉત્પાદક કંપની GoPro Incનો સંપર્ક કરીને આ ઉપકરણ ક્યાં વેચાયું હતું તેની ખાતરી કરવા જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેના સત્તાવાર જવાબમાં અમેરિકા સ્થિત કંપનીએ જણાવ્યું હતું કે આ ચોક્કસ ઉપકરણ મૂળરૂપે ચીનમાં એક અધિકૃત ડિસ્ટ્રીબ્યુટરને મોકલવામાં આવ્યું હતું. હવે તપાસ એ વાત પર કેન્દ્રિત થઈ છે કે ચીની વિતરક પાસેથી આ કેમેરો લશ્કર-એ-તૈયબાના હેન્ડલર્સ સુધી કેવી રીતે પહોંચ્યો. એવી પ્રબળ શક્યતા છે કે આ કેમેરા પાકિસ્તાની સેના દ્વારા ખરીદવામાં આવ્યા હોય અને બાદમાં આતંકવાદી જૂથોને સપ્લાય કરવામાં આવ્યા હોય.

બંગાળની ફાલ્ટા...

ખાને જાહેરાત કરી હતી કે તેઓ ફાલ્ટાના હિતમાં પાછા હટી રહ્યા છે, જે પગલાંને ભાજપે યુદ્ધમેદાનમાંથી "ભાગી જવાનો પ્રયાસ ગણાવીને તેની મજાક ઉડાવી હતી. જો કે, તે સમયે ઉમેદવારી પત્ર ખેંચવું શક્ય ન હોવાથી તેમનું નામ ઈવીએમ (EVM) પર યથાવત રહ્યું હતું. ફાલ્ટા વિધાનસભા બેઠક ૨૦૧૧થી ટીએમસી પાસે હતી. પાર્ટીએ ૨૦૨૧માં આ મતવિસ્તારમાં અંદાજે ૫૭ ટકા મતો મેળવીને બેઠક જાળવી રાખી હતી. જોકે, રવિવારના પરિણામોએ પાર્ટીના સમર્થન આધારમાં મોટો કડાકો દર્શાવ્યો છે. પુનઃચૂંટણીમાં ભાજપે ૭૧.૨ ટકા વોટ શેર મેળવ્યો હતો, જે ૨૦૨૧માં ૩૬.૭૫ ટકા હતો, જ્યારે ટીએમસીનો વોટ શેર ઘટીને માત્ર ૩.૭ ટકા રહી ગયો હતો.

કોકરોચ પાર્ટી વિરુદ્ધ...

છે કે સંસ્થા સુપ્રીમ કોર્ટના મૌખિક અવલોકનોનો વ્યાપારી લાભ માટે દુરુપયોગ કરી રહી છે. પીઆઈએલમાં નકલી વકીલોની તપાસની પણ માંગ કરવામાં આવી છે.

આ સમગ્ર મામલો 15 એપ્રિલના રોજ વકીલની માન્યતા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન શરૂ થયો હતો, જ્યારે મુખ્ય ન્યાયાધીશે બેરોજગાર યુવાનોને વંદો તરીકે ઓળખાવ્યા હતા. એક દિવસ પછી કોકરોચ જનતા પાર્ટીની રચના કરવામાં આવી હતી.

અરજીમાં જણાવાયું છે કે પ્રચાર, વ્યાપારી શોષણ, વ્યાપારી જોડાણ અને ડિજિટલ ગતિશીલતા માટે કોર્ટ અભિવ્યક્તિઓનો ઉપયોગ કરતી સંસ્થાઓ અને પ્રતીકાત્મક ઝુંબેશનો ઉદભવ બંધારણીય પ્રક્રિયાઓના ખતરનાક વેપારીકરણને પ્રતિબિંબિત કરે છે. સીજેપી ઉપરાંત, અરજીમાં નકલી વકીલોના આરોપોની સ્વતંત્ર તપાસની પણ માંગ કરવામાં આવી છે. અરજીમાં જણાવાયું છે કે આ તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવે તે વધુ સારું રહેશે. આ નકલી વકીલો બનાવટી ડિગ્રીઓ સાથે કાનૂની વ્યવસાયમાં સક્રિય છે.

CBSE તકનીકી...

આ નિર્ણય આવ્યો છે. એક નોટિસમાં સીબીએસઈએ જણાવ્યું હતું કે ૨૧ અને ૨૨ મેના રોજ કેટલીક તકનિકી સમસ્યાઓના કારણે તે સમયે ખોટી ફી કપાઈ ગઈ હતી જ્યારે વિદ્યાર્થીઓ મૂલ્યાંકન કરાયેલી ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મેળવવા માટે અરજી કરી રહ્યા હતા. નોટિસમાં જણાવાયું છે કે, "કેટલાક કિસ્સાઓમાં વધારાની ચુકવણી કાપી લેવામાં આવી હતી, જ્યારે અન્યમાં ઓછી રકમ વસૂલવામાં આવી હતી." સીબીએસઈએ જણાવ્યું હતું કે, વધુ ચૂકવણીના તમામ કિસ્સાઓમાં ચોક્કસ વધારાની રકમ તે જ પેમેન્ટ મેથડમાં પરત કરવામાં આવશે જેનો ઉપયોગ ચુકવણી માટે કરવામાં આવ્યો હતો." "તેવી જ રીતે, જે કિસ્સાઓમાં ઓછી ચુકવણી કપાઈ હતી, તેવા ઉમેદવારોને બાકીની રકમની ચુકવણી અંગે જો જરૂર જણાશે તો અલગથી જાણ કરવામાં આવશે." નોટિસમાં ઉમેર્યું છે કે, "મૂલ્યાંકન કરાયેલી ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો આવા તમામ કિસ્સાઓમાં પ્રદાન કરવામાં આવશે, જેમાં ઉમેદવારોએ નવી અરજી સબમિટ કરવાની જરૂર રહેશે નહીં." સૂત્રોએ જણાવ્યું કે, બુધવારે પ્રધાને સર્વર ડાઉન ટાઈમ, પેમેન્ટ ગેટવેની ખામીઓ અને પ્રક્રિયા દરમિયાન સામે આવેલી કામગીરીની ખામીઓ સંબંધિત મુદ્દાઓની ગંભીર નોંધ લીધી હતી.

ભારત-અમેરિકા...

ટેરિફ નીતિઓને કારણે બંને દેશોના સંબંધોમાં આવેલા ભારે તણાવને સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીય નિકાસ પર ૫૦ જેટલા ટેરિફ લાદ્યા બાદ, જેમાં રશિયન ઊર્જાની ખરીદી પર ૨૫ ટકા લેવી સામેલ હતી, બંને દેશોના સંબંધોમાં નોંધપાત્ર કડવાશ આવી ગઈ હતી. જયશંકર સાથેના સંયુક્ત પત્રકાર પરિષદમાં રૂબિયોએ જણાવ્યું હતું કે, અમને આશા છે કે અમારા વેપાર પ્રતિનિધિ ખૂબ જ ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. ભારતનું એક પ્રતિનિધિમંડળ પણ અમેરિકા આવ્યું હતું. અમે જબરદસ્ત પ્રગતિ કરી છે, અને મને લાગે છે કે અમે અમેરિકા અને ભારત વચ્ચે એક એવા વેપાર કરાર તરફ આગળ વધી રહ્યા છીએ જે કાયમી અને બંને પક્ષો માટે ફાયદાકારક રહેશે, તેમજ આપણા રાષ્ટ્રીય હિતોને અનુરૂપ અને ટકાઉ હશે. વિદેશ મંત્રીએ વેપાર કરાર પર વહેલી તકે સર્વસંમતિ સાધવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આર્થિક મોરચે, અમે પરસ્પર અને સમાન રીતે લાભદાયી વેપાર અંગેના વચગાળાના કરારના અંતિમ દસ્તાવેજને વહેલી તકે આખરી ઓપ આપવાના મહત્વ વિશે વાત કરી છે.

ઇમિગ્રેશન નીતિમાં...

શકે છે, પરંતુ અંતે એક "કાર્યક્ષમ" માળખું દરેક હિતધારકો માટે મદદરૂપ સાબિત થશે. રૂબિયોના ભારત આગમન પહેલાં, યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (USCIS) દ્વારા એક નિર્દેશ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ગ્રીન કાર્ડ અથવા કાયમી રહેઠાણ ઈચ્છતા વિદેશીઓએ અરજી કરવા માટે પોતાના વતન પરત ફરવું જરૂરી હોવાનું કહેવાયું હતું. એજન્સીએ પાછળથી આ વલણમાં થોડી નરમાશ લાવી હતી, પરંતુ આ એકંદર પગલાથી ભારતીય વ્યાવસાયિકો (પ્રોફેશનલ્સ) ના એક મોટા વર્ગને નોંધપાત્ર અસર થવાની સંભાવના હજુ પણ સેવાઈ રહી છે.

જયશંકર-રૂબિયોની...

હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સંઘર્ષોના ઉકેલ માટે સંવાદ અને મુત્સદ્દીગીરીની હિમાયત કરે છે, મુક્ત દરિયાઈ વેપારનું સમર્થન કરે છે, આંતરરાષ્ટ્રીય કાયદાના આદરની માંગ કરે છે અને બજારના હિસ્સા તથા સંસાધનોના હથિયારીકરણ(દબાણ લાવવાના સાધન તરીકે ઉપયોગ કરવા)ની વિરુદ્ધ છે.

ભારત-અમેરિકા સંબંધોમાં આવેલા મોટા ઘટાડા બાદ બંને પક્ષો વચ્ચેની આ પ્રથમ વ્યાપક વાતચીત હતી, જેમાં મુખ્યત્વે સંરક્ષણ, મહત્વના ખનિજો, ઉચ્ચ તકનીક અને આર્થિક જોડાણના ક્ષેત્રોમાં સહકારને જોરશોરથી પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પીટીઆઈના એક પ્રશ્નનો જવાબ આપતા રૂબિયોએ જયશંકર સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, યુએસ-ભારત સંબંધોએ કોઈ ગતિ ગુમાવી નથી. હું સમજી શકું છું કે શા માટે કેટલાક લોકો આવું કહી રહ્યા છે. હું તે વાત સાથે સહમત નથી, પણ હું સમજી શકું છું કે કેટલાક લોકો આવું કેમ કહે છે. આ ભારત વિશે નથી, આ વેપારના સંદર્ભમાં અમેરિકા વિશે છે. રૂબિયોએ ભારતને અમેરિકાનું એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો શ્રેણીબદ્ધ મહત્વના મુદ્દાઓ પર એક સમાન વિચાર ધરાવે છે.

WANTED

Lady Doctor to help in OPD. BHMS or BAMS

Please come and meet personally from 1 pm to 5 pm

Dr. Naushad Motiwala
ASMI EYE HOSPITAL
Hanuman Sheri, Subjail Cross Roads, Ring Road, Surat.

પશ્ચિમ રેલવે

લિફ્ટની જોગવાઈ

Sr.DEE/P/BCT ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL-166-159-WA-83 (R-1) તારીખ.21-05-2026 (ટુ પેકેટ સિસ્ટમ) આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: મુંબઈ ડિવિઝન (ઉપનગરીય વિભાગ) - સ્ટેશનોના ફૂટ ઓવર બ્રિજ પર લિફ્ટ (16 નંગ)ની જોગવાઈ (ઈલેક્ટ્રિકલ અને સિવિલ કામ માટે સંયુક્ત ટેન્ડર). કામની અંદાજિત કિંમતઃ રૂ.10,55,78,303.57. EMD: રૂ.21,11,600/-. સબમિશનની તારીખ અને સમય: 16.06.2026, 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 16.06.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0149

અમને લાઇક કરો facebook.com/WesternRly

એસોસીએટ કો-ઓપ. બેંક લિ.

હેડ ઓફિસ-પહેલો માળ, સુરત વણકર સંઘ બિલ્ડીંગ, રેશમવાળા માર્કેટ ની સામે,રીંગ રોડ, સુરત - ૩. ફોન નં. (૦૨૬૧) ૨૩૪૧૫૩૬
Email: support@associatebank.in

વહીવટી શાખાનું સ્થળાંતર

જેઠ સુદ પાંચમ ના દિવસ **તા: ૧૯/૦૬/૨૦૨૬ ને શુક્રવાર** ના રોજ વહીવટી અનુકૂળતા માટે ઉપર જણાવેલ સરનામાં પર સ્થિત વહીવટ શાખા નું નીચે જણાવેલ સરનામાં પર સ્થળાંતર કરેલ છે

નવું સરનામું
પ્લોટ નંબર - ૧૨૧/એ, ૧૨૧, ૧૨૨ પહેલો માળ, કાશી નગર, બમરોલી, સુરત-૩૯૪૨૧૦.

"શાખા ખોલવા / સ્થળાંતર કરવા માટે બેંકીંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ ની ધારા ૫૬ ની સાથે પઠીત ધારા ૨૩ ના મુજબ ભારતીય રિઝર્વ બેંક પાસેથી પ્રમાણિત પત્ર મેળવી લેવામાં આવ્યો છે"

વધુ માહિતી માટે મુખ્ય શાખાનો સંપર્ક કરવો.: મો-૯૯૦૪૨૧૧૨૨૨

સ્થળ : સુરત તારીખ: ૨૫/૦૫/૨૦૨૬ — આદેશ થી સી.ઈ.ઓ. એસોસીએટ કો-ઓપ.બેંક લિ.

-: PUBLIC NOTICE FOR SALE :-

Through this public notice regarding sale, all concerned persons are hereby informed that, in Navsari District, Navsari Taluka, in the village of Sisodra (Ganesh), the detailed description of the Old Tenure agricultural land is as follows.

Sr.	Khata Number	Block Number	Area (He.Are.Sq.Mt.)	Assessment Rs.
1.	2338	1077/A	0-20-59	1.74
2.	2338	1077/B	0-02-47	0.21

The lands of the above description and details are running in the names of the owners (1) Govindbhai Hirabhai (2) Gokulbhai Hirabhai and (3) Jivanbhai Hirabhai, and they intend to sell the said land to our client.If any person, institution, or individuals have any possession-occupancy, legal right-title-authority, share-part, claim, interest-relation, easement, or any writings of the nature of Satakhat (Agreement to Sell), Banakhat, Consent Letter. Acceptance, dealt-letter, undertaking, Mortgage, or Gift Deed regarding the above-mentioned ledger land, they should submit a written representation with documentary evidence to us on behalf of and for our client within 07 days from the issue of this notice. If failed to do so, it will be considered that there is no possession-occupancy, legal right-title-authority, share-part, claim, interest-relation, easement, or any writings of the nature of Satakhat (Agreement to Sell),, Banakhat, Consent Letter, Acceptance, deal-letter, Guarantee, Mortgage, or Gift Deed of any kind in the said ledger land, or if any exist, they have been "waived." Consequently, the owners of the above-mentioned ledger land will execute a Registered Sale Deed in favor of our client. And regarding that, any kind of objection-hindrance, dispute, or argument from anyone in the future shall not be binding upon our client. Of which, please take clear legal note. Date.25/05/2026

Office : 206, The Galleria, Nr Axis Bank, Yogi Chowk, Punagam, Surat. M. 9723802864 — **GAUTAM B KACHHADIYA** (ADVOCATE)

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટ, મોજે ડુમસના બ્લોક નંબર-૬૪૬, ૬૪૭, ૫૯ તથા ૫૩+૫૪ થી નોંધાયેલી ખેતીની જમીન સંબંધે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ, **મજુરા** સબ-ડીસ્ટ્રીકટ, **મોજે ડુમસના બ્લોક નંબર-૬૪૬, ૬૪૭, ૫૯ તથા ૫૩+૫૪** થી નોંધાયેલી ખેતીની જમીનમાં મારા અસીલ **જયેશ મંગળભાઈ પટેલ**ના લાભમાં જમીનોના રેકર્ડ ઉપરના માલીકો દ્વારા તા. ૧૮-૭-૨૦૨૪ ના રોજ કાયદેસરનો કરાર કરવામાં આવેલો છે. સદરહુ કરાર થકી મારા અસીલના કાયદેસરના હકો સ્થાપિત થયેલા છે. સદરહુ કરારના વિશેષ અમલ માટે મારા અસીલ મજકુર અત્રેની સીવીલ કોર્ટમાં **રે. દિ. મુ. નંબર-૫૬/૨૦૨૬** નંબરનો દાવો નોંધાવેલ છે જે દાવો હાલ મહેરબાન સુરતના પાંચમાં એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં પેન્ડીંગ છે. સદરહુ જમીન સંબંધે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૫૨(એ) અન્વયેની લીસ પેન્ડન્સની નોટીસ પણ મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં **તા. ૧૧-૩-૨૦૨૬ ના રોજ અનુક્રમ નંબર-૩૬૦૧** થી નોંધાયેલ છે. સબબ કોઈને પણ આ નોટીસમાં જણાવેલી જમીન સંબંધે મારા અસીલની લેખિત સંમતિ સિવાય કોઈપણ વ્યકિત જોડે કોઈપણ પ્રકારના વ્યવહારો કે નાણાંકીય લેવડ દેવડ કરવી-કરાવવી નહી, જો આ નોટીસની અવગણના કરી કોઈપણ વ્યકિત આવા વ્યવહારો કરશે તો આવી વ્યકિત શુધ્ધ-બુધ્ધિપૂર્વકના વ્યવહાર કરનાર ગણાશે નહી, બલ્કે તેઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અન્વયે તેમજ તપાસ દરમ્યાન નીકળી આવતા હરકોઈ ગુનાઓ અંગે તેમજ સીવીલ રાહે હરકોઈ કાયદાકીય કાર્યવાહીમાં સંડોવાવવું પડશે, તેની સર્વેએ નોંધ લેવી.

તા.૨૫/૦૫/૨૦૨૬
ઓફીસ : ૧/૬૮૦-એ, ખારવાવાડ, નાવડી ઓવારાની સામે, નાનપુરા, સુરત મો.૯૯૧૮૦૨૧૧૧૨
રાહુલ એમ. પટેલ એડવોકેટ

- :: મોજે પાલ બ્લોક નં.૩૬૧ ના ટાઈટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ ::-

જી.સુરત તા. અડાજણ મોજે ગામ પાલ ના રે.સ.નં.૩૮૮/૨, બ્લોક નં.૩૬૧ વાલી ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૩૩૩૯ ચો.મી છે જમીન, જેનો ખેડ ખાતા નં.૧૨૧ છે તથા જેનો આકાર રૂા.૧૦.૪૪ પૈસા છે તે ઝાડ બીડ શેઢાના હકકો સહીતની જમીનના માલીક મુળ માલીક સૈયદ મુબીનાબાનુ અબ્દુલઉફ, પઠાણ સુગરાબીબી ઈકબાલખાન,ખંભાતી સાલેહબાનુ હનીફ તથા શેખ રેહાના અબ્દુલજાવીદના ઓએ પોતે સ્વતંત્ર માલિકમુખત્યાર અને કબજેદાર હોવાનું જણાવીને તથા રેવન્યુ રકેર્ડમાં પોતાનુ નામ હાલ ન હોવા સાથે મારી પાસે મિલકતના ટાઈટલ ચોખ્ખા તથા નબોજા હોવાની રીપોર્ટની માંગણી કરેલ છે.સદર મિલકતમાં કેઈને કેઈપણ જાતને લાગભાગ,હકક,હીત હીસ્સો કે વંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિનઃ ૭ માં મને જાણ કરવા વિનંતી. મુદત વીત્યે તેવા કોઈના હકક છે નહી અને હાય તો તે છોડી દીધા છે, એમ શુધ્ધબુધ્ધિપુર્વક માનીને મજકુર મિલકતના ટાઈટલ ચોખ્ખા તથા નબોજા હોવાનુ ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપવામા આવશે જેની પાછળથી કોઈની તરતકરાર ચાલશે નહી, તેની સર્વેએ નેંધ લેવી.

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
ઠે.૮,દર્શના સોસાયટી,નાનપુરા,કદમપલ્લી,સુરત મો.નં.૯૦૩૩૯૫૯૫૩૨

મિલકતનાં ટાઈટલ કલીયરન્સ તથા ગુમ થયેલ દસ્તાવેજ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે શીડ્યુલમાં જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત પીરુભાઈ રામજીભાઈ લાઠીયા નાંએ પોતાની સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ હોવાનું જણાવી અમારી અસીલ બેંક પાસેથી લોન મેળવવાના હેતુસર અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. પરંતુ તેઓની જાણમાં આવેલ છે કે, નીચે જણાવેલ અસલ દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે તે સંજોગોમાં સદર મિલકત બાબત સદર ઓરીજીનલ ડોકયુમેન્ટસ કોઈપણ બેંક યા નાણાંકીય સંસ્થા યા કોઈપણ વ્યકિત પાસે કોઈપણ કારણસર હોય યા સદરહુ મિલકત પર કોઈપણ પ્રકારના ચાર્જ યા બોજો કે લીયનના કે અન્ય કોઈપણ પ્રકારના હકકો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેમના વાંધા અંગેના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ મિલકતમાં હિત ધરાવનારાઓએ સદરહુ મિલકત પરત્વેના તેમના તમામ હકક અધિકાર જતા કરેલા હોવાનું માની અમો યોગ્ય નિર્ણય લઈશુ અને મુદત વિત્યે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની તમામે નોંધ લેવી.

મીલકતની વિગત :- સુરત ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ તાલુકે કામરેજના મોજે ગામ-પરબ મુકામે આવેલ રે. સર્વે નં.૨૭૮/૨, બ્લોક નં.૩૮ (જુનો બ્લોક નં.૧૧૭) થી નોંધાયેલી સુમારે હે.૦-૩૩ આરે-૩૯ ચો.મી. યાને ૩૩૩૯ સમ ચો.મી. ક્ષેત્રફળવાળી રહેણાંકના હેતુ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત "શ્રીજી વિલા-૧" ના નામથી ઓળખાતી વસાહતમાં પાડવામાં આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પ્લોટ નં.૨૫ વાળી મિલકત કે જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૧૨૭.૦૨ ચો.વાર યાને ૧૦૬.૨૦ ચો.મી. થાય છે અને બાંધકામનું ક્ષેત્રફળ ૧૦૬.૨૦ સમ ચો.મી. થાય છે તે વિગત અને વર્ણનવાળી મિલકત તથા રોડ, રસ્તા, સી.ઓ.પી. વિગેરેની જમીનમાં વણવહેંચાયેલ હીસ્સા સહીતની તેમજ તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મિલકત.

ખોવાયેલ ડોકયુમેન્ટસની વિગત :- અસલ રજી. દસ્તાવેજ નં. ૮૯૧૧, તા. ૧૫/૦૫/૨૦૧૯ તથા તેની અસલ રજીસ્ટ્રેશન પાવતી.

કૃપા સી. શાહ (એડવોકેટ)
ઓ. ૪૧૫, ઓટોગ્રાફ ધી કોર્મશીયલ હબ, રાજ એમ્પાયર સામે, ભટાર રોડ, સુરત. મો.નં. ૮૯૮૦૦૨૨૨૯૨

મોજે વાંઝ, બ્લોક નં. ૩૪૨/અ વાળી બીનખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, તા. ચોર્યાસીના મોજે ગામ વાંઝ ના રે.સ.નં. ૩૧૩, ૩૧૫, બ્લોક નં. ૩૪૨/અ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૦૧-૨૫ ચો.મી. વાળી બીનખેતીની જમીન જે સીટી સર્વે વોર્ડ વાંઝ (બીનખેતી) ના સીટી સર્વે નોંધ નં.NA342/અ થી નોંધાયેલ છે. તે બીનખેતીની જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સાથેના માલીક, મુખત્યાર તેમજ પ્રત્યક્ષ કબજેદાર તરીકે ઉર્મિબેન તે નિલેશ ચંદ્રકાંતની વિધવા ચાલી આવેલા છે. અને મજકુર માલીકે સદરહુ બીનખેતીની જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ રહેલા હોવાનું જણાવી બોજા રહિત અને પ્રત્યક્ષ કબજા સાથે હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકત અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ ફાયનાન્સીયલ કે ખાનગી સંસ્થા યા ઈસમનો અન્ય કોઈનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિત, હિસ્સો, દરદાવો, ચાર્જ, બોજો યા વારસાઈ હકક કે વેચાણ રાખવાના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં લેખિત પુરાવાઓ સહિત હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હકક, હિસ્સો જતો યાને વેવ કર્યો છે તેમ સમજી, મારા અસીલ મજકુર જમીનમાલીક ઉર્મિબેન તે નિલેશ ચંદ્રકાંતની વિધવા પાસેથી વેચાણ રાખવાના કાયદેસરના પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ, કોઈની તરતકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

૪૦૨, ચોથો માળ, શિવમંગલમ બિલ્ડીંગ, બંદર મહોલ્લો, નાનપુરા, સુરત
તા. ૨૩/૫/૨૦૨૬ મો.નં. ૯૯૭૯૭૩૦૧૫૧
ફેની ડી. તમાકુવાલા તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

સાર્વજનિક એજયુકેશન સોસાયટી

સાર્વજનિક એજયુકેશન સોસાયટીની વ્યવસ્થાપક સમિતિના સને ૨૦૨૬-૨૦૨૭ ના વર્ષ માટે રૂલ નં. :- 16(IV) મુજબ નિવૃત્ત થતા ૫ સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે સોસાયટીના નિયમ નંબરઃ 17 મુજબ યોજનાર ચૂંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ સોસાયટીના નોટીસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

તા.: ૨૫/૦૫/૨૦૨૬ મંત્રી

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સીટી સબ-ડીસ્ટ્રીકટના મોજે : અડાજણનાં રેવન્યુ સર્વે નંબર : ૧૩૮/૧ + ૨ વાળી જમીન. જેનો ટી.પી.સ્કીમ નં. ૧૩ ના ફાયનલ પ્લોટ નં. ૨૭ વાળી બીનખેતીની જમીન ઉપર આયોજીત **" વિવેકાનંદપાર્ક રો-હાઉસ "** માં રહેણાંક ના હેતુસર પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૩ (જે મીલકત રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં બ્લોક નં. ૧૩૮/૧+૨/ પૈકી ૩/ પૈકી ૭ થી નોંધાયેલ છે.)**, જેનું જમીન નું ક્ષેત્રફળ ૬૨.૩૮ ચો.મી. તથા મીલકત ના તળેની જમીન માં આવેલ રોડ રસ્તાના ફાળે પડતા વણ વહેંચાયેલ રાસુકા વપરાશ નું ક્ષેત્રફળ ૧૪.૫૨ ચો.મી. વાળી જમીન. જેમાં બાંધકામ વાળી મીલકત નાં માલીક **રોહિતકુમાર શામલભાઈ પટેલ** ની ચાલી આવેલ છે. જે મીલકત ની ઉત્તરોતર ઓરીજનલ ફી રસીદ ચેક કરતા દસ્તાવેજ નં. ૫૬૫૮ થી તા. ૧૯/૦૪/૧૯૯૯ ના રોજ નોંધાયેલ છે. જે ઓરીજનલ (આર.આર.) ગુમ થયેલ છે. સદરહુ ઓરીજનલ રસીદ (આર.આર.) કોઈપણ નાણાંકીય ધિરાણ આપનારી ખાનગી કે સરકારી સંસ્થામાં જમા હોય તે તે અંગેની જાણ હમોના વકીલશ્રીને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહીત સુપ્રત કરવા. મુદત વિત્યેથી મજકુર ઓરીજનલ ફી રસીદ (આર.આર.) ગુમ થયેલ છે અને કોઈ સંસ્થામાં જમા નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. મુદત બાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફીસ : ૩, પૂર્ણિમાં શોપીંગ સેન્ટર, સોમનાથ સાયકલ માર્ટની બાજુમાં, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો. ૯૯૦૯૧૮૧૮૨૩
મારી મારફત **(હરીકૃષ્ણ વી. ચૌહાણ)** એડવોકેટ & નોટરી

તા.૦૮/૦૫/૨૦૨૬ ની જાહેર નોટિસનો જાહેર જવાબ

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ : ભીમપોર ના બ્લોક / રે.સવે નં.૧/૧ પૈકી, હાલ નવો રેવન્યુ સર્વે નં.૭૧/બ પૈકી જ વાળી જમીન ઉપર આવેલ "સર્વોદય નગર સહકારી ગૃહ નિર્માણ મંડળી લિ." તરફથી પ્લોટો પાડવામાં આવેલા જે પૈકી "સુંદરમ વિભાગ (પુર્વ)" માં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૯૦ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨૫.૪૬ ચો.મી. છે, અને તેના પર કરવામાં આવેલ બાંધકામ સહિતની મિલકતના સ્વતંત્ર માલીક મારા અસીલ સુધીરભાઈ મગનભાઈ પટેલ ચાલી આવેલા અને તે મિલકત મારા અસીલ વેચાણથી આપવા માંગતા હોવાથી ખરીદનારના એડવોકેટ કિન્નરી એસ. પુરોહિત મારફત તા.૦૭-૦૫-૨૦૨૬ ના રોજ "ગુજરાત મિત્ર" દૈનિકમાં સદર મિલકત બાબત જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

ઉપરોકત જાહેર નોટીસના અનુસંધાનમાં એડવોકેટ મુકેશ એસ. પટેલ દ્વારા તા.૦૮-૦૫-૨૦૨૬ ના રોજ "ગુજરાત મિત્ર" દૈનિકમાં જાહેર નોટીસનો જાહેર ખુલાસો અને વળતી નોટીસ કમ ચેતવણી આપવામાં આવેલી અને તે વંચાણે લેતાં તે નોટીસમાં જણાવેલા કથનો મોહણી ગામ, તા.ચોર્યાસી અંગેના હતા. અને ઉપરોકત મિલકત ભીમપોર ગામની છે અને તે મિલકતને મોહણીના બ્લોક સાથે કાંઈપણ લાગતું વળગતું નથી. એટલે એડવોકેટશ્રીની સમજફેર થઈ હોય અગર તો શરતચુક થઈ હોય તેવું જણાઈ આવે છે, અગર તો કોઈ અયોગ્ય લાભ મેળવવા માટે તેવી નોટીસ પ્રસિધ્ધ થયાનું ફલીત થાય છે.

સદર ભીમપોરમાં આવેલ પ્લોટ સને-૨૦૨૧ ની સાલમાં રજીસ્ટર્ડ દસ્તાવેજથી પુરેપુરો અવેજ ચુકવી મારા અસીલે ખરીદ કરેલ છે. જેથી તે પ્લોટ અંગે કોઈપણ વ્યકિતના હકક, હિત, હિસ્સા હોય તો તે અંગે લેખિતમાં પુરાવા સહિત મારા અસીલ વતી મને જાણ કરવી. અન્યથા ખોટા વાંધા આપવા સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

તારીખ : ૨૫/૦૫/૨૦૨૬
ઓફીસ : ૧૦૭-૧૦૮,શુભમ કોમ્પલેક્ષ, આનંદ હોસ્પિટલની ગલીમાં, પોર મહોલ્લો, નાનપુરા, સુરત.
નીરવ આર. દૂધવાલા તે સુધીરભાઈ મગનભાઈ પટેલના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ઝગડીયા ના મોજે ગામ : બામલ્લા, ના રે.સર્વે/બ્લોક નંબર : ૩૩૧, જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે. આરે. ૦-૭૩-૮૧ ચો.મી., જેનો ખાતા નં.૧૫૬, અને આકાર રૂા.૭.૬૦ ચો.મી. વાળી જુની શરતની જમીન મિલકત મિલકતના માલિકશ્રી (૧) વિમળાબેન મગનભાઈ પટેલ, (૨) પ્રકાશચંદ્ર મગનભાઈ પટેલ, (૩) અંજનાબેન નિતીનભાઈ પટેલ, નાઓ સંયુકત માલીક, મુખત્યાર કબજે ભોગવટેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહિત તમામ હકકો સાથે અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. જે અંગેનાં અમારા અસીલ પાકા દસ્તાવેજો કરી-કરાવી લેનાર છે. સબબ, સદર જમીન મિલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર કે બેંક ત્યા નાંણાંકીય સંસ્થાનું લીયન હોય તો જરૂરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭(સાત) માં અમારો રૂબરૂ સંપર્ક સાધવો અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી નકલો મોકલી આપવી. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો હક્ક,હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતના પાકા દસ્તાવેજો કરી-કરાવી લેશે, અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર દાવો ફરીયાદ ગ્રાહ્ય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. સ્થળ.સુરત

મારી મારફત - **પિયુષ બલર** તે ખરીદનારના એડવોકેટ
ઓફીસઃ- યુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.નં.૮૪૬૯૫ ૬૯૬૬૬

-:: વેચાણ અંગેની જાહેર નોટિસ ::-

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકા બારડોલી, મોજે ગામઃ શિંગોદ ના સર્વે નંબર : ૩૪ જેનો બ્લોક નંબર : ૩૧ થી નોંધાયેલ જુનીશરત સત્તા પ્રકારની ખેતીલાયક ઉપયોગ વાળી જમીન, જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૫૭-૬૭ ચો.મી. અને આકાર રૂા. ૯.૪૪ પૈસા છે જેનો ખાતા નંબર ૧૧૮ છે તે જમીન (૧) પ્રફુલ્લચંદ્ર ગોવિંદભાઈ, (૨) જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ, (૩) હસુમતીબેન ગોવિંદભાઈ નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે સદરહું જમીન તેઓની માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિક્ત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનખત, વારસાઈ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત સંબંધ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ (સાત) માં નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હક્ક, હિત, સંબંધ, લાગભાગ, દર-દાવા વિગેરે નથી તેમ માની અથવા જો હોય તો "વેવ" કર્યો છે તેમ માની લઈ અમો મજકુર જમીનનો દસ્તાવેજ કે અન્ય લખાણો કરી આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના દર-દાવા કે તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા-વળગતાઓએ ગંભીરપણે નોંધ.

ઓફિસ :- મેઈન બજાર રોડ ખોલવડ, મુ. પો. ખોલવડ, તા. કામરેજ, જી. સુરત. (ગુજરાત) ભારત - ૩૯૪૧૯૦.
ફૈઝલ એમ.શેખ તે ખરીદનારના એડવોકેટ

બ્લોક નં. ૩૯૦, મોજે વકતાણા, તા. ચોર્યાસી, જી. સુરતની ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે વકતાણા ના રે.સ.નં. ૩૪૬/૨, જેનો બ્લોક નં. ૩૯૦ વાળી ખેતીની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે ૦-૪૫-૫૨ ચો.મી., આકાર રૂા.૮-૦૬ પૈસા, જેનો ખાતા નં. ૪૬૪ વાળી જમીનના કાયદેસરના માલીક, કબજેદાર, ભોગવટેદાર (૧) અલ્પેશકુમાર બાબુભાઈ પટેલ, (૨) વિજયભાઈ બાબુભાઈ પટેલ તથા (૩) નરેશભાઈ બાબુભાઈ પટેલ ચાલી આવેલ છે. તેઓએ મજકુર જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ ઈસમ, વ્યકિત કે સંસ્થાનો દરદાવો, લાગભાગ યા લીયનનો હકક અધિકાર હોય તો આ નોટીસ મળ્યાના ૭ (સાત) દિવસમાં હમારા નીચે જણાવેલ સરનામે લેખિત પુરાવા સહિત હમોને જાણ કરવી. અન્યથા મુદત વિત્યે જો કાંઈ વાંધા તકરાર રજૂ કરવામાં ન આવે તો હમારા અસીલ જમીન માલીકોને કાયદેસરનો વેચાણ અવેજ ચુકવણી કરી મજકુર જમીનનો કાયદેસરના વેચાણ અંગેના પાકા લખાણો/ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસઃ ચોથો માળ, દેસાઈ ચેમ્બર્સ, ૧/૬૪૯, ખારવાવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૯૮૦ ૦૩૨૧૬
ધર્મેન્દ્ર એ. બ્રહ્મભટ્ટ
ઉત્સવ ધર્મેન્દ્ર બ્રહ્મભટ્ટ
ભકિત ધર્મેન્દ્ર બ્રહ્મભટ્ટ
તે ખરીદનારના એડવોકેટ્સ